# સુરત મહાનગરપાલિકા

---

## સ્થાયી સમિતિ

---

## સુચના

---

સુરત મહાનગરપાલિકાની **સ્થાયી સમિતિની** અઠવાડિક સાધારણ સભા **બુધવાર તા.૧૨–૩–૨૦૨૫ ના રોજ સાંજના ૪–૦૦ કલાકે** મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બિલ્ડીંગના **"સ્થાયી સમિતિ સભા ખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારૂ મળશે.

૧. મુખ્ય અન્વેષકશ્રીનો તા.૬–૩–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.ના તા.૨૦–૧–૨૦૨૫ થી તા.૨૪–૧–૨૦૨૫ સુધીના આવક તથા ખર્ચના હિસાબોની ચકાસણી કર્યાનો રીપોર્ટ જાણ માટે રજુ.

૨. મ્યુ.ક.શ્રીનો તા.૬–૩–૨૦૨૫ નો પત્ર, સાઉથ ઝોન–એ ના સબઝોન–૨ માં આવેલ પાંડેસરા ગુજરાત હાઉસીંગ બોર્ડમાં આવેલ પાંડેસરા હેલ્થ સેન્ટરના મકાનને તોડી માલ સામાન લઈ જવાના કામે આવેલ કુલ–૭ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૬ ટેન્ડરો પૈકી મહત્તમ ઓફર આપનાર ટેન્ડરર ચીસ્તીયા ટ્રેડર્સની રૂા.૯,૦૨,૧૧૧/– ની ઓફર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૩. મ્યુ.ક.શ્રીનો તા.૬–૩–૨૦૨૫ નો પત્ર, સુરત મહા. સંચાલિત સુમન માધ્યમિક સેલ હસ્તકની વિવિધ માધ્યમોની શાળાઓ માટે દરખાસ્તના પત્રક–૧ માં દર્શાવ્યા મુજબના વિવિધ વિષયોના કુલ–૮૩ શિક્ષકોની જગ્યા કરારીય ધોરણે, કરારીય શરતો અને બોલીઓને આધિન પત્રક–૨ માં દર્શાવેલ લાયકાત અને ફીકસ માસિક વેતનમાં ૧૧ માસ માટે ઉપસ્થિત કરવા અંગે નિર્ણય લેવા બાબત.

૪. મ્યુ.ક.શ્રીનો તા.૪–૩–૨૦૨૫ નો પત્ર, સેન્ટ્રલ ઝોન, વોર્ડ નં.૩ માં આવેલ રીમા મેડિકલ ચાર રસ્તાથી સલાબતપુરા પોલીસ ચોકી સર્કલ સુધીની હયાત જર્જરીત સ્ટોર્મ ડ્રેઈન બોક્ષને દુર કરી તેના સ્થાને નવા ૧૨૦૦ મી.મી. વ્યાસના આર.સી.સી. NP3 પાઈપો નાંખવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર જોગારામ એમ. સેનનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૪૦,૧૭,૭૮૩–૬૫ થી ૫% ઉંચુ એટલે કે રૂા.૪૨,૧૮,૬૭૨–૮૩ (GST સીવાય) નું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૫. મ્યુ.ક.શ્રીનો તા.૪–૩–૨૦૨૫ નો પત્ર, સાઉથ વેસ્ટ ઝોનના અઠવા–ઉમરા વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં.૫, ફા.પ્લોટ નં.એમ–૭ ખાતે નિર્મિત સંપૂર્ણ વાતાનુકુલીત પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમના ત્રણ વર્ષ માટે વાર્ષિક ઈજારાના ધોરણે HVAC સીસ્ટમના ઓલ ઈન ઓલ મરામત અને નિભાવની કામગીરીના ઈજારાના કામે આવેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર Aries HVAC Solutions Pvt. Ltd., અમદાવાદને માસિક રૂા.૨,૧૧,૨૩૨–૫૮(જી.એસ.ટી. સિવાય) મુજબ ત્રણ વર્ષ માટે રૂા.૭૬,૦૪,૩૭૨–૭૦ (જી.એસ.ટી. સિવાય) ના ખર્ચે ઉકત કામગરી સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

...૨

૬. મ્યુ.ક.શ્રીનો તા.૩–૨–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.ના સાઉથ વેસ્ટ ઝોન, ટી.પી. સ્કીમ નં.૬(પીપલોદ), ફા.પ્લોટ નં.૧૦૦ ખાતે આવેલ ૧૦(દસ) ફુડ સ્ટોલ તેમજ ૧(એક) રેસ્ટોરન્ટ ભાડે આપવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો અંગે દરખાસ્તના મુદ્દા નં.(૧) અને (૨) માં જણાવેલ વિગતે નિર્ણય લેવા તથા સદર ટેન્ડરરો સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૭. મ્યુ.ક.શ્રીનો તા.૧–૩–૨૦૨૫ નો પત્ર, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગના તા.૨૦–૨–૨૦૨૫ ના રીપોર્ટની વિગત તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના તા.૩૦–૧–૨૦૨૫ ના ઓરલ ઓર્ડર તથા પીટીશનર શ્રી કરમણભાઈ બુટાભાઈ ટમાલીયા ધ્વારા તા.૫–૨–૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ અપીલને ધ્યાને લેતા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગમાં હંગામી ધોરણે માર્શલ તરીકે ફરજ બજાવેલ અને તા.૨૨–૭–૨૦૨૨ ના રોજ ફરજમાંથી અનફીટ કરી છુટા કરાયેલ શ્રી કરમણભાઈ બુટાભાઈ ટમાલીયાને કાયદા અને તેની પોતાની યોગ્યતાઓ અનુસાર રૂબરૂ સંભાળવા અને નિર્ણય લેવા જણાવેલ હોય, જે અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટ ઓરલ ઓર્ડર અનુસાર શ્રી કરમણભાઈ બુટાભાઈ ટમાલીયાને સમિતિ રૂબરૂ બોલાવી સાંભળ્યા બાદ આ કામ ફરી રજુ.

૮. મ્યુ.ક.શ્રીનો તા.૫–૩–૨૦૨૫ નો પત્ર, સ્થા.સ.ઠ.નં.૧૮૮૦/૨૦૨૩ થી ઠરાવ્યાનુસાર સુરત મહા.ના હાઈકોર્ટની પેનલમાં સમાવિષ્ટ એડવોકેટશ્રી કૌશલ દેવેન્દ્રભાઈ પંડયાના તા.૬–૧૨–૨૦૨૪ ના અભિપ્રાયની જાણ લેવા તેમજ શ્રી પ્રવિણભાઈ મશરૂભાઈ કલોત્રા ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલ R/SCA NO.16921 of 2024 સંદર્ભે થયેલ તા.૨૯–૧–૨૦૨૫ ના રોજના ઓરલ ઓર્ડર મુજબ પીટીશનર શ્રી પ્રવિણભાઈ મશરૂભાઈ કલોત્રાને સમિતિ રૂબરૂ બોલાવી સાંભળી યોગ્ય તે નિર્ણય લેવા બાબત.

૯. મ્યુ.ક.શ્રીનો તા.૫–૩–૨૦૨૫ નો પત્ર, સ્થા.સ.ઠ.નં.૧૮૭૯/૨૦૨૩ થી ઠરાવ્યાનુસાર સુરત મહા.ના હાઈકોર્ટની પેનલમાં સમાવિષ્ટ એડવોકેટશ્રી કૌશલ દેવેન્દ્રભાઈ પંડયાના તા.૬–૧૨–૨૦૨૪ ના અભિપ્રાયની જાણ લેવા તેમજ શ્રી દશરથસિંહ પ્રવિણસિંહ સોલંકી ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલ R/SCA/NO.338 of 2025 સંદર્ભે થયેલ તા.૨૯–૧–૨૦૨૫ ના રોજના ઓરલ ઓર્ડર મુજબ પીટીશનર શ્રી દશરથસિંહ પ્રવિણસિંહ સોલંકીને સમિતિ રૂબરૂ બોલાવી સાંભળી યોગ્ય તે નિર્ણય લેવા બાબત.

આ દે શ થી,

Somje.m.P.

ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા.

મહાનગરપાલિકા કચેરી,
સુરત, તા.૭–૩–૨૦૨૫.

ANAHITA.